Language Code : **06**

इस पुस्तिका में **16** मुद्रित पृष्ठ हैं।
This booklet contains **16** Printed pages.

# SED-24-II

**प्रश्न-पत्र-II / PAPER-II**
**गुजराती भाषा परिशिष्ट**
**Gujarati Language Supplement**
**भाग-IV & V / PART-IV & V**

**मुख्य परीक्षा पुस्तिका संख्या / Main Test Booklet No.**

**मुख्य परीक्षा पुस्तिका कोड / Main Test Booklet Code**

# D

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए।**
**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 15 व 16) पर दिए निर्देशों को ध्यान से पढ़ें।**
**Read carefully the Instructions on the Back Cover (Page 15 & 16) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें। / FOR INSTRUCTIONS IN GUJARATI SEE PAGE 2 OF THIS BOOKLET.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो **या** तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं**।
2. परीक्षार्थी भाग I एवं भाग II **या** III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं। भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं OMR उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉल पॉइंट पेन** का प्रयोग करें।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **D**। यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, OMR उत्तर पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है। अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग-IV : भाषा-I (गुजराती) (प्र. 91 से प्र. 120)
   भाग-V : भाषा-II (गुजराती) (प्र. 121 से प्र. 150)
7. भाग-IV में भाषा-I के लिए 30 प्रश्न और भाग-V में भाषा-II के लिए 30 प्रश्न दिए गए हैं। इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं। **यदि भाषा-I और/या भाषा-II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए। जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए।**
8. **परीक्षार्थी भाग-V (भाषा-II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा-I (भाग-IV) में चुनी गई भाषा से भिन्न हो।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें। अपने उत्तर ध्यानपूर्वक अंकित करें। उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है।

## INSTRUCTIONS FOR CANDIDATES

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Part I and Part II **OR** III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ball Point Pen only** for writing particulars on this page/marking responses in the OMR Answer Sheet.
5. The CODE for this Language Booklet is **D**. Make sure that the CODE printed on **Side-2** of the OMR Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Test Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part-IV : Language-I (Gujarati) (Q. 91 to Q. 120)
   Part-V : Language-II (Gujarati) (Q. 121 to Q. 150)
7. Part-IV contains 30 questions for Language-I and Part-V contains 30 questions for Language-II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language-I and/or Language-II is a Language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The language being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part-V (Language-II) in a language other than the one chosen as Language-I (in Part-IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) : ____________________
Name of the Candidate (in Capitals) :
अनुक्रमांक : (अंकों में) / Roll Number : in figures ____________________
: शब्दों में / in words ____________________
परीक्षा केन्द्र (बड़े अक्षरों में) : ____________________
Centre of Examination (in Capitals) :
परीक्षार्थी के हस्ताक्षर : ____________________ निरीक्षक के हस्ताक्षर : ____________________
Candidate's Signature : Invigilator's Signature :
Facsimile Signature Stamp of
Centre Superintendent : ____________________

Language Code : **06**

આ પુસ્તિકામાં **16** પાનાં છે.

# SED-24-II

**પેપર-II**

**ગુજરાતી ભાષા પરિશિષ્ટ**

**ભાગ IV & V**

પરીક્ષા પુસ્તિકા સંકેત

**D**

**આ પરીક્ષા પુસ્તિકા સૂચના ન મળે ત્યાં સુધી ખોલવી નહીં.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં ( 15 & 16 ) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

***પરીક્ષાર્થિઓ માટે દિશાનિર્દેશ :***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) **અથવા** ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત **એકજ.**
2. પરીક્ષાર્થી ભાગ I અને ભાગ II **અથવા** III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લેક/બ્લૂ બૉલ પોઈંટ પેનનો** જ પ્રયોગ કરી શકે છે.
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) છે **D**. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, OMR ઉત્તર પત્રના **પૃષ્ઠ – 2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ જણાવે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ **60** વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે.
   ભાગ-**IV** : ભાષા-**I** (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ-**V** : ભાષા-**II** (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ-**IV** માં ભાષા-I માટે 30 પ્રશ્ન અને ભાગ-V માં ભાષા-II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા-I અને/અથવા-II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપે ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવી જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ-V(ભાષા-II) માટે ભાષા સૂચિમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા-I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આપેલ ખાલી જગ્યામાં જ કરો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં): ______________________

અનુક્રમાંક : અંકોમાં : ______________________

: શબ્દોમાં : ______________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં): ______________________

પરીક્ષાર્થી દસ્તખત : ______________ નિરીક્ષક દસ્તખત : ______________

Facsimile signature stamp of
Centre Superintendent ______________________

**ભાગ–IV (પ્ર. 91 થી 120)** ફક્ત **ગુજરાતી ભાષા–I** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-IV (Q.No. 91-120)**, if they have opted **GUJARATI** as **Language-I** only.

# PART-IV
## LANGUAGE-I
## GUJARATI

સૂચના : ભાગ-IV (પ્ર. 91 થી 120 ) ફક્ત ગુજરાતી ભાષા-I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચેનો ફકરો વાંચી એમાંથી પૂછાયેલા પ્રશ્નના જવાબો આપો. (પ્ર. 91 થી 99)**

એક કહેવત છે કે વિદેશમાં વિદ્યા મિત્ર સમાન છે અને વિદ્યા મળે પુસ્તકો દ્વારા. દુનિયામાં દરેક સંબંધ કદાચ ખોટો સાબિત થઈ શકે છે પરંતુ પુસ્તકો સાથેની મિત્રતાનો સંબંધ ક્યારેય પણ ખોટો સાબિત થતો નથી. તે સુખની અંદર આપણી સાથે હસે છે તો દુઃખની અંદર આપણી સાથે રડે પણ છે. ભલે દુઃખના સમયે દુનિયાનો કોઈ વ્યક્તિ આપણી પાસે ન હોય અને આંસુઓને બંધ કરનાર ન હોય તે સમયે પણ પુસ્તક જ મિત્ર બનીને કામમાં આવે છે. માણસનો સાથ ભલેને એક માણસ છોડી દે પરંતુ પુસ્તકો તો હંમેશા તેની સાથે રહે છે. પછી ભલે ને સુખ હોય કે દુઃખ, તડકો હોય કે છાંયડો તે હંમેશા સાચા મિત્રની જેમ આપણી સાથે રહે છે. પુસ્તક દ્વારા ઈતિહાસ વિશે જાણી શકીએ છીએ. મહાન લેખકોનાં વિચારોથી પણ પરિચિત થઈ શકીએ છીએ. પુસ્તકોનો સંસાર ખૂબ જ વિશાળ છે. દુનિયાની નાનામાં નાની બાબત તેની અંદર સમાયેલી છે. એક મનુષ્ય મિત્ર કરતાં તો પુસ્તકો કદાચ કોઈને વધારે દિલાસો આપી શકે છે.. યથા રાજા તથા પ્રજા તે જ રીતે યથા ગ્રંથ તથા પ્રભાવ એમ કહી શકાય.

જીવનના દરેક કોણથી જોઈએ તો દુનિયામાં મિનિટેમિનિટે બદલાવ થઈ રહ્યો છે. દરેક વસ્તુ બદ્લાઈ રહી છે પરિસ્થિતિ બદલાઈ રહી છે, માણસો પણ બદલાઈ જાય છે અને ઘણી વખતે તો મિત્રો પણ બદલાઈ જાય છે. પરંતુ પુસ્તક મિત્ર તો પહેલાં જેવાં હતાં તેવા ને તેવા મરણાંત સુધી સાથે રહે છે અને દેશ દુનિયાનું જ્ઞાન આપણને આપે છે. પુસ્તકોનો માનવીના જીવનઘડતર પર નિર્ણાયક પ્રભાવ પડે છે. એક આદર્શ મિત્રની જેમ એક ઉત્તમ પુસ્તક મનુષ્યને સુખ દુઃખમાં સાથ સહારો અને સાંત્વના આપે છે. સારા પુસ્તકો આપણા જીવનમાં હિંમત, બહાદુરી, પ્રેમ, ક્ષમા જેવા મહાન ગુણોનો વિકાસ કરે છે. સારા પુસ્તકો અંધશ્રદ્ધા, વહેમ, કુરિવાજો વગેરે દૂર કરવા અને મૂંઝવણમાંથી માર્ગ કાઢવા માટે પણ ઉપયોગી બને છે. પુસ્તકો ગ્રંથિમુક્ત કરાવે છે. સારા પુસ્તકો માનવને જ્ઞાનથી અને બુદ્ધિથી બે પાંદડે કરે છે.

**91.** 'યથા રાજા તથા પ્રજા' માં કઈ વિશેષતા છે ?

(1) અવહેલના (2) તુલના (3) ઉપેક્ષા (4) કહેવત

**92.** 'બહાદુરી' શબ્દનો વિરોધાભાસી શબ્દ આપો.

(1) શૌર્ય (2) મજદૂરી (3) મજબૂરી (4) ભીરુતા

**93.** ગ્રંથવિશ્વ ક્યું છે ?

(1) સંકુલ (2) વિશાળ (3) રસપ્રદ (4) જ્ઞાનકેન્દ્રી

**94.** 'ક્ષમા' શબ્દનો સમાનાર્થી શબ્દ ઓળખો.

(1) સક્ષમ (2) પ્રમા (3) તમા (4) માફી

**95.** 'બે પાંદડે કરવું' એ શું છે ?

(1) ભાવેપ્રયોગ (2) બેવડાં ધોરણો (3) બેવડાં વલણો (4) રૂઢિપ્રયોગ

**96.** મનુષ્યના જીવનઘડતર પર કોની અસર થાય છે ?

(1) ઈતિહાસની (2) જ્ઞાનની (3) પુસ્તકોની (4) બુદ્ધિની

**97.** 'માનવીના જીવનઘડતર' વાક્યમાં કઈ વિભક્તિ પ્રયોજાઈ છે ?

(1) ષષ્ઠી (2) તૃતીયા અધિકરણ (3) દ્વિતીયા અધિકરણ (4) સપ્તમા અધિકરણ

**98.** 'આદર્શ મિત્રની જેમ...' વાક્યમાં ક્યો અલંકાર છે ?

(1) રૂપક (2) સજીવારોપણ (3) તુલનામય (4) ઉપમા

**99.** 'ગ્રંથિમુક્ત' શબ્દને તમે ક્યો સમાસ ગણશો ?

(1) બહુવ્રીહિ (2) દ્વિરુક્ત સમાસ (3) કર્મધારય (4) તત્પુરુષ

**નીચેનું કાવ્ય વાંચી, નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપેલ વિકલ્પોમાંથી શોધી લખો. (પ્ર. 100 થી 105)**

ઐશ્વર્યોની ના મને છે અભિપ્સા
કે ના વાંછું રિદ્ધિઓ રાજવીની,
ન યાચું હું તારી પાસે ચિરાયું,
કે ગુંજું હું ગીત લોકૈષણાનું;
જાણું છું, બુદ્દબુદો એ સકલ ક્ષણમહીં ઊઠીને ફૂટવાના.
યાચું ના હું રક્ષણો પાપમાંથી
વા પાપોની તાત! તુંથી ક્ષમાને,
ડૂબું જો હું પાપના કર્દમે તો
ડૂબું માશં નેત્ર રાખી ઉઘાડાં;
કે જેથી ભોગવું હું ફળ મુજ કૃતિનાં મુક્ત ને બુદ્ધ હૈયે.
અન્ધારે છો આત્મ થાયે વિલીન
શ્રદ્ધા કેરી જ્યોતિ બૂઝે ભલેને,
આયુ કેરા સંકટે પ્રાણ મારા
છો ને સીઝે, ગર્તમાં દુઃખના વા ;
ના તોયે દીનતાને કદિ ઉર ધરજો : આટલું એક માગું.
ને નેત્રોની જ્યોતિ વીલાય જ્યારે
મૃત્યુ કેરું ઈન્દ્રિયો જાટચ ધારે,
ત્યારે હોજો એક સંતોષ હૈયે
કે જીવ્યો છું જિંદગી પૂર્ણ મારી
આત્માને એક મારા જીવનભર વફાદાર નિત્ય રહીને.

**100.** પાપ સાથે મૃત્યુ થાય તો શું થાય ?

(1) વાન ફિક્કો પડે (2) આંખો બંધ થાય (3) આંખો ખુલ્લી રહે (4) શરીર ગરમ થાય

**101.** કવિને શેની આકાંક્ષા નથી ?

(1) સંપત્તિ (2) સુખ (3) દુઃખ (4) ધન

**102.** 'દીનતા' શબ્દનો સમાનાર્થી શોધો.

(1) પાપાચાર (2) વફાદારી (3) ગરીબી (4) ધનિકતા

**103.** કવિ કઈ જ્યોતિ બૂઝવાની વાત કરે છે ?

(1) વાસનાની (2) મીણબત્તીની (3) ફાનસની (4) શ્રદ્ધાની

**104.** 'લોકૈષણા' શબ્દનો સાચો સંધિવિગ્રહ ક્યો ?

(1) લોકા+એષણા (2) લોકે+ષણા (3) લોક+ઈચ્છા (4) લોક+અષણા

**105.** કવિને પ્રભુ પાસેથી શું મેળવવું છે ?

(1) ભોગવટો (2) જીવનનો સંતોષ (3) ધન (4) સત્તા

**106.** 'સામગ્રીની અધિકૃતતા' એટલે ...

(1) વિદ્યાર્થીઓ દ્વારા ઘરેથી લાવેલી સામગ્રી

(2) પોતાના વર્ગ માટે શિક્ષિકાએ લખેલી સામગ્રી

(3) અધિકૃત વ્યક્તિઓએ લખેલી કે વિકસાવેલી સામગ્રી

(4) વાસ્તવિક જીવનના વિષયો પર લખાયેલી કે વિકસાવાયેલી સામગ્રી

**107.** પાંચમા ધોરણની શિક્ષિકા અપર્ણા સમજે છે કે શ્રવણ પ્રક્રિયામાં દરેક ધ્વનિ, શબ્દ, વાક્ય વગેરે વક્તવ્ય કે કેસેટના અર્થઘટન માટે મહત્વના છે. શ્રવણશિક્ષણ માટે તે કઈ પદ્ધતિ કે અભિગમમાં માને છે ?

(1) બંનેમાંથી એક પણ નહીં (2) ટોપ ડાઉન અભિગમ

(3) બોટમ્સ અપ અભિગમ (4) ટોપ ડાઉન અને ઉર્ધ્વમૂલ-બંનેમાં

**108.** ભાષાશિક્ષણમાં વ્યવસ્થિત સક્ષમતા (સિસ્ટેમિક કોમ્પીટન્સ) એટલે શું ?

(1) માનવમાં બધી જ ભાષાઓની વ્યવસ્થા હોય છે એવી સમજણ

(2) વ્યવસ્થા તરીકે કામ કરતી ભાષાની સમજણ અને ઉપયોગિતા

(3) ભાષાની વ્યાકરણ વ્યવસ્થાની સમજણ સાથે ભાષાનો ઉપયોગ અને સમજ

(4) તમામ ભાષાઓની સંરચન વ્યવસ્થા સમાન હોય છે એવી સમજણ

**109.** અહીં એક પાઠ અથવા થોડાં વિધાનો આપ્યા છે તે ક્યા ભાષાજૂથનું પ્રતિનિધિત્વ કરે છે તે શોધો.

ભારતના બંધારણમાં પ્રત્યેક મનુષ્યને સમાન ગણવામાં આવે છે. અર્થાત્, સ્ત્રી અને પુરુષ, તમામ જાતિ, ધર્મ, કબીલાના લોકો અને શૈક્ષણિક કે સામાજિક પૃષ્ઠભૂમિ ધરાવતા દેશના તમામ નાગરિકો સમાન છે. એનો અર્થ એ નથી કે અસમાનતા નથી પણ સ્વતંત્ર ભારતમાં કમ સે કમ સૌની સમાનતાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે.

(1) વૈજ્ઞાનિક જૂથ (2) રાજકીય જૂથ (3) સમાજશાસ્ત્રીય જૂથ (4) કાનૂની જૂથ

**110.** છઠ્ઠા ધોરણની શિક્ષિકા વિદ્યાર્થીઓને એમના પૂર્વજ્ઞાન અને અનુભવને સંકલિત કરવા માટે એમની પાસે એક વોર્મ અપ પ્રવૃત્તિ કરાવે છે અને પાઠ ભણાવતા પહેલા વાર્તામાંના રેખાંકનો જોવાનું કહે છે. શિક્ષિકા આ પ્રકારે પોતાના વિદ્યાર્થીઓ પાસેથી શું અપેક્ષા રાખી રહી છે?

(1) રેખાંકનો સમજવાની (2) રેખાંકનો દ્વારા વાર્તાના તાદશીકરણની

(3) રેખાંકનોની કદર કરવાની (4) વાર્તા વિશે અનુમાન કરવાની

**111.** વિદ્યાર્થીની સાતત્યપૂર્ણ શિક્ષણપ્રક્રિયાને શું કહેવાય ?

(1) નિદાનાત્મક કસોટી (2) પોર્ટફોલિયો

(3) સાતત્યપૂર્ણ સમીક્ષાત્મક મૂલ્યાંકન (4) પ્રોફિસિઅન્સી મૂલ્યાંકન

**112.** નીચેનામાંથી કોને સ્વીકૃતિદક્ષતા તરીકે ઓળખવામાં આવે છે ?

(1) શ્રવણ અને વાંચન (2) શ્રવણ અને લેખન

(3) વાંચન અને સંભાષણ (4) સંભાષણ અને લેખન

**113.** વિદેશ જતા ભારતીયો ત્યાંની ભાષા શીખી લે છે. આ પ્રેરણાને શું કહેવાય ?

(1) એ ચાવીરૂપ કે આંતરિક એકપણ પ્રેરણા નથી

(2) અંગીભૂત અને ચાવીરૂપ પ્રેરણા

(3) આંતરિક પ્રેરણા

(4) ચાવીરૂપ પ્રેરણા

**114.** નીચેનામાંથી કઈ ભાષા ક્લાસિકલ નથી ?

(1) હિન્દી (2) તમિળ (3) સંસ્કૃત (4) તેલુગુ

**115.** વિદેશી ભાષાના શિક્ષણ સંદર્ભે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં નીચેનામાંથી શેનો નિર્દેશ નથી ?

(1) ફ્રેન્ચ ભાષા વધારાના વિકલ્પ તરીકે ભણાવવાનું સૂચન કરાયું છે

(2) માધ્યમિક સ્તરે એક વધારાના વિકલ્પ તરીકે વિદેશી ભાષાઓનો અભ્યાસ

(3) ત્રિભાષા ફોર્મ્યુલા તળે વિદેશી ભાષાઓના અભ્યાસનો સમાવેશ

(4) ત્રિભાષી ફોર્મ્યુલામાંની ત્રણ ભાષાઓમાં વિદેશી ભાષાઓનો સમાવેશ નથી કરાયો

**116.** ભાષાવિષયક જ્ઞાન એટલે શું ?

(1) પદ્ધતિશાસ્ત્રીય સક્ષમતા (2) ડિક્લેરેટિવ જ્ઞાન

(3) પ્રક્રિયાત્મક જ્ઞાન (4) વ્યાકરણનું જ્ઞાન

**117.** સંભાષણ પ્રવૃત્તિના એક કાર્ય (ટાસ્ક) માટે છઠ્ઠા ધોરણની શિક્ષિકા નીચે મુજબની ચીજ તૈયાર કરે છે.

'રણ અને તેના હવામાનની સ્થિતિ વિશે પાંચ વાક્યો બોલો.'

આ ટાસ્ક (કાર્ય) યોગ્ય છે કે અયોગ્ય તે નીચેના વિકલ્પોમાંથી પસંદ કરો.

(1) રણ અને એના હવામાન વિશેની જાણકારી નહીં હોવાથી એમાં પૂર્વાપરનો અભાવ છે એટલે આ ટાસ્ક અયોગ્ય છે

(2) વિદ્યાર્થીઓ રણ વિશે ભૂગોળમાં ભણ્યા હશે અને એ અંગે જાણવા હશે તેથી આ ટાસ્ક યોગ્ય છે

(3) આ ટાસ્ક દ્વારા વિદ્યાર્થીઓને બોલવાની તક મળે છે અને અહીં રણ વિશે બોલવાની તક છે માટે યોગ્ય છે

(4) આમાંના કેટલાંક વિદ્યાર્થીઓ રણ વિશે અજાણ હોઈ શકે એટલે આ ટાસ્ક યોગ્ય નથી

**118.** ભાષાની બોલી સંદર્ભે નીચેનામાંથી ક્યુ સાચું છે?

(1) ક્યારેક વિવિધ સમાજજૂથો એક જ ભાષાની વિભિન્ન બોલીઓ બોલતા હોય છે

(2) પ્રદેશાનુસાર બોલીઓનું વૈવિધ્ય હોય છે

(3) એક ભાષાની જુદીજુદી બોલીઓ બોલનારા લોકો બીજાની બોલી સમજી શકે છે

(4) બોલી મોટી અને ભાષા નાની હોય છે

**119.** નીચેનામાંથી કઈ બાબત સંકલિત શિક્ષણદક્ષતાને પ્રોત્સાહિત કરે છે ?

(1) લેખ લખવો (2) રોલ પ્લે (3) અસાઈનમેન્ટ (4) પ્રોજેક્ટ વર્ક

**120.** સાંદર્ભિક વ્યાકરણ શીખવવા સંદર્ભે નીચેનામાંની પદ્ધતિને શું કહેવાય ?

'ભાષા ઘટકોને સંદર્ભ સાથે પરિચિત કરાવવા, વિદ્યાર્થીઓને ભાષાઘટકોની નોંધ લેતા કરવા, વાસ્તવિક જીવનમાં એમને એનો ઉપયોગ કરવા સક્ષમ બનાવવા અને ભાષારૂપ પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું તે'.

(1) સભાનતાવૃદ્ધિ (2) સ્કીમાનું સર્જન (3) નિગમનાત્મક પદ્ધતિ (4) ડિસ્કવરી પદ્ધતિ

**ભાગ-V (પ્ર. 121 થી 150)** ફક્ત ગુજરાતી **ભાષા-II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-V (Q.No. 121-150)**, if they have opted **GUJARATI** as **Language-II** only.

**PART-V**
**LANGUAGE-II**
**GUJARATI**

**સૂચના : ભાગ-V (પ્ર. 121 થી 150 ) ફક્ત ગુજરાતી ભાષા-II નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.**

**નીચેનો ફકરો વાંચી એમાંના પ્રશ્નના ઉત્તર આપો. (પ્ર. 121 થી 128)**

દરેક વસ્તુને બે પરિમાણ હોય છે, સીધું અને ઉલટું. તો દરેક ઘટનાને બે આયામ પણ હોય છે. હકારાત્મક અને નકારાત્મક. વિજ્ઞાનને પણ બે વિરોધાભાસી દષ્ટિબિંદુથી મૂલવવામાં આવે છે. હકારાત્મક એ પાસું જેમાં વિજ્ઞાનના શોધ-સંશોધનનો રચનાત્મક ઉપયોગ થાય છે. માનવજાતના કલ્યાણ માટે વપરાય છે ત્યાં વિજ્ઞાન એક વરદાન બનીને સૌની પ્રશંસાને પાત્ર બની જાય છે, પરંતુ એ જ વૈજ્ઞાનિક શોધો, અખતરાઓ અને પ્રયોગો જ્યારે ખતરનાક બની જાય છે ત્યારે માનવજાતનું અસ્તિત્વ નાબૂદ થઈ જાય છે. આવા સમયે અભિશાપ બની રહે છે. માનવીએ ચંદ્ર પર માનવીની અવકાશયાત્રાથી માંડીને અવનવા ઉપગ્રહો દ્વારા અભૂતપૂર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે એની પાછળ વિજ્ઞાન જ કારણભૂત છે. સાગરના પેટાળમાં, જવાળામુખીના પેટાળમાં, ઉત્તર ધ્રુવના નિર્જન બરફમાં અને રણમાં વિજ્ઞાનના સાધનોની મદદથી પહોંચી જઈને માણસે કેટકેટલા વણઉકલ્યા રહસ્યો ઉઘાડી નાખ્યાં છે. હજુ વિજ્ઞાનીઓએ કરવાના કામોની યાદી તૈયાર છે. અનેક જીવલેણ રોગોનો ઈલાજ શોધીને તથા અત્યંત ઝડપી વાહનોની શોધો દ્વારા વિજ્ઞાનની સકારાત્મક ઉપયોગીતા સિદ્ધ કરી દીધી છે. આપણે આ જોઈને બોલી ઉઠીએ કે 'વિજ્ઞાન એટલે વિજ્ઞાન'. સુખસગવડના યાંત્રિક સાધનો, સેલફોન અને કમ્પ્યૂટર અને રોબોટની શોધો આશીર્વાદરૂપ છે પરંતુ એ જ વિજ્ઞાન જ્યારે જીવલેણ શસ્ત્રોનું ઉત્પાદન કરે છે, ઝેરી વાયુનું પ્રસારણ કરે છે, માનવીના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરે છે, કુદરતી સંપત્તિનું નિકંદન કાઢી નાખે છે, પેયજલને દૂષિત કરી નાખે છે ત્યારે કહેવું પડે છે કે માનવી વિજ્ઞાનના નકારાત્મક પરિમાણનો શિકાર થઈ રહ્યો છે. વિજ્ઞાનનો આ પ્રકારનો ઉપયોગ માનવજાતનું અસ્તિત્વ ખતરામાં મૂકી રહ્યો છે. બે વિશ્વયુદ્ધોએ કરેલી તારાજી બાદ પણ એનાથી અનેકગણી સંહારશક્તિ ધરાવતા શસ્ત્રનું ઉત્પાદન વિશ્વની મહાસત્તાઓ દ્વારા થઈ રહ્યું છે ત્યારે એવી અનુભૂતિ થાય છે કે વિજ્ઞાન શાપરૂપ બની રહ્યું છે. વિજ્ઞાન તો એ જ છે પરંતુ એના ઉપયોગનો અભિગમ દ્વિમુખી છે. વૈજ્ઞાનિક શોધો જેમણે કરી છે તેમને તો અભિનંદન આપીએ જ, પરંતુ માનવજાતના અસ્તિત્વને જેઓ જોખમમાં મૂકી રહ્યા છે, વિજ્ઞાનના માધ્યમથી વિનાશને નોતરી રહ્યા છે તેમને અનુરોધ કરીએ કે જ્ઞાનવિજ્ઞાનનો વિધ્વંસક ઉપયોગ ન કરે. વિજ્ઞાનની રચનાત્મક અને ખંડનાત્મક ઉપયોગીતામાંથી માનવીએ જ વિવેકપૂર્ણ પસંદગી કરવાની છે. સૌના વિનાશમાં આપણો પણ વિનાશ સમાયેલો છે.

**121.** વિજ્ઞાનની ઉપયોગીતાનો અભિગમ કેવો હોવાનું લેખકે નિધાર્યું છે ?

(1) વૈજ્ઞાનિક અભિગમ (2) હકારાત્મક અભિગમ (3) નકારાત્મક અભિગમ (4) બેમોઢાળો

**122.** વિજ્ઞાનનો કેવો ઉપયોગ મનુષ્ય સમુદાયને માટે ખતરા જેવો કહી શકાય ?

(1) ચાતુર્યસભર (2) વિવેકસભર (3) જ્ઞાનસભર (4) નકારાત્મક

**123.** સુવિધા માટેના યંત્રો અને સાધનો કેવા છે?

(1) આશીર્વાદ જેવા (2) ઈલેક્ટ્રોનિક (3) ડિજિટલ (4) અભિશાપકેન્દ્રી

**124.** વૈજ્ઞાનિક ઉપકરણોના ઉપયોગ વડે મનુષ્યે શું કર્યું છે ?

(1) શસ્ત્રનાબૂદી (2) સુવિધાસજ્જતા (3) રહસ્યોદ્‌ઘાટન (4) સંહારપ્રાપ્તિ

**125.** મનુષ્યે વિવેક વાપરીને શું પસંદ કરવું જોઈએ ?

(1) વિનાશ (2) અસ્તિત્વ (3) યંત્રસામગ્રી (4) વિજ્ઞાનની રચનાત્મકતા

**126.** 'વિજ્ઞાન તો એ જ છે' વાક્યમાં રહેલી વ્યાકરણગત વિશેષતા શોધી કાઢો.

(1) અભિધા (2) વર્ણસગાઈ (3) નિપાતનો વિનિયોગ (4) વ્યંજના

**127.** 'અભૂતપૂર્વ' શબ્દનો સાચો અર્થ નીચેના વિકલ્પોમાંથી શોધો.

(1) સૌહાર્દ (2) વિનાશકારી (3) હિતકારી (4) પૂર્વે ન હોય એવું

**128.** તમારી દષ્ટિએ 'વિજ્ઞાન એટલે વિજ્ઞાન' વાક્યમાં કઈ અલંકારપ્રયુક્તિ દશ્યમાન થાય છે ?

(1) અન્વય (2) સજીવારોપણ (3) કૃદંત (4) અનન્વય

**નીચેનો ફકરો વાંચી એમાંના પ્રશ્નોના જવાબ આપો. (પ્ર. 129 થી 135)**

ચારિત્ર્યનિર્માણ જ બાળકના જીવનઘડતરનો મુખ્ય પાયો છે, આધારશિલા છે. પરિવાર, સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્રનાં મૂલ્યોનું બાળકમાં ઘડતર કરવું અતિ આવશ્યક છે. બાળક વિશ્વમાનવ બનીને જીવે છતાં પણ તેના જીવનમાં મૂળ તો પોતાના સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્ર સાથે સતત સંકળાયેલાં જ રહેવાં જોઈએ. મહેનત અને પ્રામાણિકતા આ બે બાબતો બાળકને જીવનનું વિજ્ઞાન સમજવામાં ખૂબ જ મદદરૂપ થાય છે અને એ થકી બાળકનાં જીવનઘડતરમાં નોંધપાત્ર ફાળો આપે છે.

બાળકના જીવનઘડતરમાં ઉપયોગી એવાં મુખ્ય બે પરિબળો (ઉમદા ચારિત્ર્યનિર્માણ તથા શ્રેષ્ઠતમ નીતિમૂલ્યોનું શિક્ષણ) પછી પણ ઘણી એવી ઉપયોગી બાબતો છે જે બાળકના જીવનઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવે છે. શિક્ષણ અથવા કેળવણી એ દરેક યુગની જરૂરિયાત છે, એ નિઃસંદેહ છે, પરંતુ કોઈપણ યુગમાં જીવનમાં સુખશાંતિ અને સફળતા માટે ચારિત્ર્ય એ પાયાનું પરિબળ છે. શિક્ષણનો અને માનવજીવનનો મુખ્ય હેતુ શ્રેષ્ઠતમ ચારિત્ર્યનિર્માણ છે. માનવને શ્રેષ્ઠતમ ચારિત્ર્યમૂર્તિમા પરિવર્તન કરતી પ્રક્રિયા જ શિક્ષણ છે. જ્યાં સુધી આપણે પોતે જ આપણા ચારિત્ર્યને ઉન્નત ન બનાવી શકીએ ત્યાં સુધી આપણે આપણા બાળકોને ચારિત્ર્ય કે એવું કશું આપી શકીએ નહિ.

બાળકના જીવનઘડતરમાં ઉપયોગી તેવી બીજી બાબત તેનામાં ઉત્તમ સર્જનશક્તિનું નિર્માણ કરવું તે છે, પોતાના બાળકની આ સર્જનાત્મકતાને યોગ્યતમ રીતે ઓળખી અને તેને ખીલવવામાં મદદરૂપ થવું જોઈએ અને આ શક્તિને વિકસાવવા માટે તેને પૂરતું પ્રોત્સાહન, તક અને તાલીમ મળતા રહે તે ખૂબ જ જરૂરી છે. બાળકનાં ઉછેર કે કેળવણી ખામી ભરેલાં હોય તો તેની સર્જનશક્તિ મૂરઝાઈ જાય છે, મંદ પડી જાય છે, તેથી આ બાબતે ખાસ ધ્યાન આપવું જરૂરી બની જાય છે. કેળવણી પામેલું બાલરત્ન કદી પોતાનું તેજ ખોતું નથી.

**129.** પરિશ્રમ શેમાં ઉપયોગી થાય છે ?

(1) સારું પરિણામ મેળવવામાં (2) આજીવિકામાં

(3) સફળતામાં (4) જીવનવિજ્ઞાન સમજવામાં

**130.** 'બાળરત્ન કદી પોતાનું તેજ...' વાક્યમાં કયો અલંકાર છે ?

(1) ઉત્પ્રેક્ષા (2) ઉપમા (3) વ્યાજસ્તુતિ (4) રૂપક

131. 'ઉન્નત' શબ્દનો વિરોધાભાસી શબ્દ આપો.

(1) ઉપમેય (2) સુન્નત (3) મન્નત (4) અવનત

132. શિક્ષણનો પ્રમુખ ઉદ્દેશ ક્યો છે ?

(1) કારકિર્દી (2) આજીવિકા (3) ચરિત્રનિર્માણ (4) પદવી

133. 'સંકળાયેલા જ રહેવા...' વાક્યમાં કઈ વ્યાકરણગત વિશેષતા છે ?

(1) રૂઢિપ્રયોગ (2) અલંકાર (3) સ્વરભાર (4) નિપાત

134. 'પાયાનું' પ્રયોગનો સમાનાર્થી શોધો.

(1) ફરિયાદી (2) કાયાનું (3) માયાનું (4) બુનિયાદી

135. રચનાત્મકતા ક્યાં કામ લાગે છે ?

(1) જીવનઘડતરમાં (2) વાંચનમાં (3) ખેલકૂદમાં (4) સાહિત્યમાં

136. અશ્વિનને જન્મથી જ ઓડિયા ભાષા આવડે છે અને તે અંગ્રેજી તથા હિન્દી ભણે છે. આ જાણકારીના આધારે જણાવો કે નીચેનામાંથી ક્યુ વિધાન ખોટું છે ?

(1) એનું અંગ્રેજી શિક્ષણ ભાષાસંપ્રાપ્તિ કહેવાય

(2) એનું ઓડિયાનું જ્ઞાન ભાષાસંપ્રાપ્તિ ગણાય

(3) એનું હિન્દી શિક્ષણ એ ભાષા શીખવી કહેવાય

(4) એનું અંગ્રેજી શિક્ષણ એ ભાષાશિક્ષણ ગણાય

137. ચાવીરૂપ પ્રેરણા (ઈન્સ્ટ્રુમેન્ટલ મોટિવેશન) ત્યારે કહેવાય જ્યારે...

(1) વ્યક્તિ પુસ્તક લખવા માટે ભાષા શીખે

(2) વ્યક્તિ જ્યારે કોઈ આજીવિકા જેવા ઉપયોગિતાલક્ષી કારણથી ભાષા શીખે

(3) સ્થાનિક ભાષાભાષીઓથી નિકટતા કેળવવા માટે વ્યક્તિ ભાષા શીખે

(4) વ્યક્તિ પોતાના સમુદાયના ધાર્મિક અને સામાજિક પ્રસંગો માટે ભાષા શીખે

138. કરણ અને કૃપા બંને જોડિયા છે અને મણિપુરી ભાષાની એક બોલી બોલે છે છતાં બંનેની છટા ભિન્ન છે. જુદીજુદી છટાવાળી બોલી બોલવાની આ પ્રક્રિયાને શું કહેવાય ?

(1) મણિપુરી (2) ઈડિયોલેક્ટ (3) ડાઈલેક્ટ (4) સ્પીચ એક્ટ

139. ભારતના બંધારણમાં અંગ્રેજી ભાષાને કેવું સ્થાન આપવામાં આવ્યું છે ?

(1) કાનૂની સંસ્થાઓની ભાષા (2) રાજભાષા

(3) સહયોગી રાજભાષા (4) વિદેશી ભાષા

**140.** વિદ્યાર્થીની નબળાઈ અને ક્ષમતા પારખવા માટેનું ધ્યેય ધરાવતી કસોટીને શું કહેવાય ?

(1) ફોર્મેટિવ કસોટી (2) હેતુલક્ષી કસોટી

(3) વેલિડિટી કસોટી (4) નિદાનાત્મક કસોટી

**141.** અદિતિને પૂર્ણ ભૂતકાળ અંગેની જાણકારી છે પણ એ તેનો વાક્યમાં ઉપયોગ કરી શકતી નથી. તેની પાસે ક્યુ જ્ઞાન છે?

(1) જ્ઞાનનું અમલીકરણ (2) ભાષા સંપ્રાપ્તિ પ્રયુક્તિ

(3) પ્રક્રિયાગત જ્ઞાન (4) ડિક્લેરેટિવ જ્ઞાન

**142.** ભાષા સંદર્ભે નીચેનામાંથી ક્યુ ખોટું છે ?

(1) કેટલીક ભાષાઓ વિજ્ઞાન અને ઈજનેરીને માટે જ આનુકૂળ છે

(2) ભાષા એ પરિચયને અભિવ્યક્તિ આપે છે

(3) ભાષા એ ઈતિહાસનો ભંડાર છે

(4) ભાષા એટલે માનવજ્ઞાનના સરવાળામાં થોડું ઉમેરણ

**143.** વર્ગખંડ માટે એક પ્રોજેક્ટકાર્યને કરવામાં અને એની અભિકલ્પના કરવામાં નીચેનામાંથી ક્યા તબક્કા/સ્તર યોગ્ય ગણાય તે શોધો.

(1) શિક્ષક અને વિદ્યાર્થીઓ પોતાની મરજી મુજબનો પ્રોજેક્ટ કરી શકે

(2) જૂથોની રચના, પ્લાનિંગ (યોજના), માહિતી એકત્રીકરણ, માહિતીનું અર્થઘટન, ડ્રાફ્ટલેખન, વિષયની પસંદગી અને અંતિમ અહેવાલ (રિપોર્ટ)

(3) જૂથોનું ગઠન, વિષય પસંદગી, યોજના, ડેટા કલેક્શન, ડેટા અર્થઘટન, ડ્રાફ્ટલેખન અને અંતિમ અહેવાલ (રિપોર્ટ)

(4) જૂથોનું ગઠન, વિષય પસંદગી, પ્લાનિંગ, ડેટા કલેક્શન, ડ્રાફ્ટલેખન, ડેટા અર્થઘટન અને અંતિમ અહેવાલ

**144.** શ્રવણ કે સાંભળવા અંગેના ટોપ ડાઉન અભિગમમાં શેનો સમાવેશ થાય છે ?

(1) પ્રત્યેક ધ્વનિ, શબ્દ, વાક્યાંશ, વાક્યપદ અને વાક્યોને સાંભળવાનો

(2) ચોક્કસ વિગતો પર વિશેષ ધ્યાન આપવાનો

(3) ભાષણ, પાઠ કે ઓડિઓ (ધ્વનિમુદ્રણ) નો સંક્ષેપ સાંભળવાનો

(4) ભાષણ/વક્તવ્ય, પાઠ કે ધ્વનિમુદ્રણના કેન્દ્રવર્તી વિચારને સાંભળવાનો

**145.** સાતમા ધોરણની શિક્ષિકા વિદ્યાર્થીઓને એક વ્યક્તિના વર્ણનનું ટાસ્ક લખવા માટે આપે છે. તે બહાર જઈને, હાથમાં ટોપલા સાથેના એક ફેરિયાને વર્ગમાં લઈ આવે છે. તે ફેરિયાને સાત મિનિટ માટે વર્ગમાં રહેવાની વિનંતી કરે છે અને જોડીઓ બનાવીને આ વ્યક્તિનું વર્ણન લખવાનું કહે છે. આ પ્રવૃત્તિમાં ફેરિયાને શું કહેવાય ?

(1) સામગ્રી (2) શિક્ષણ સહાયક (3) ફેરિયો (4) પ્રવૃત્તિમાં સહભાગી

**146.** સાતમા ધોરણની એક શિક્ષિકા એના વિદ્યાર્થીઓને એક વાર્તા વાંચવા આપે છે અને વિદ્યાર્થીઓ વાર્તા સમજે અને એમાં આવતા લોકોને અને સમુદાયને ઓળખે એવું ઈચ્છે છે. શિક્ષિકા કઈ બાબતને પ્રોત્સાહિત કરવા ધારે છે ?

(1) સાહિત્યદક્ષતા (2) ભાષા સાક્ષરતા

(3) સમીક્ષાત્મક સાક્ષરતા (4) વિશ્લેષણાત્મક વાંચન

**147.** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 માં સૂચવાયેલા ક્લાસિક ભાષાના અભ્યાસ સંદર્ભે નીચેનામાંથી ક્યુ વાક્ય સાચું છે ?

(1) માધ્યમિક સ્તરે મુખ્ય ભાષા તરીકે ક્લાસિકલ ભાષાનો અભ્યાસ

(2) માધ્યમિક સ્તરે વધારાના વિકલ્પ તરીકે ક્લાસિકલ ભાષાનો અભ્યાસ

(3) ત્રિભાષા ફોર્મ્યુલા તળે એક વિકલ્પ તરીકે ક્લાસિકલ ભાષાનો અભ્યાસ

(4) પ્રાથમિક સ્તરે ક્લાસિકલ ભાષાનો અભ્યાસ

**148.** નીચેનો ફકરો વાંચીને તે ક્યા ભાષા રજિસ્ટરમાં આવે તે શોધો.

ક્રાંતિ પછી બદલાવ આવતો હોય છે. યુરોપ અને એશિયા સહિત વિશ્વના ઘણા ભાગોમાં વ્યક્તિગત અધિકારો વિશે અને સામાજિક સત્તાના નિયંત્રણ અંગે ચર્ચા થવા લાગી. ભારતમાં રાજા રામમોહન રૉય અને ડેરોઝિઓ એ ફ્રેંચ ક્રાંતિના મહત્વ વિશે ચર્ચાઓ કરી. સામાજિક પરિવર્તનના આ વિચારોને (બ્રિટીશ) સંસ્થાનોએ પુનઃનિર્મિત કર્યાં.

(1) ક્રાંતિ રજિસ્ટર (2) સામાજિક રજિસ્ટર

(3) પોલિટિકલ-રાજકીય રજિસ્ટર (4) સમાજવિજ્ઞાન રજિસ્ટર

**149.** આઠમા ધોરણના શિક્ષક સુભાષને એવો વસવસો છે કે ભાષા મૂલ્યાંકનમાં ગ્રહણક્ષમતાને સ્થાન આપવામાં આવતું નથી. ગ્રહણદક્ષતા/ક્ષમતા (રિસેપ્ટીવ સ્કીલ) દ્વારા તે શું કહેવા માંગે છે ?

(1) સંભાષણ અને લેખન (2) શ્રવણ અને લેખન

(3) સંભાષણ અને વાંચન (4) શ્રવણ અને વાંચન

**150.** વિદ્યાર્થીઓ ભાષાને એક વ્યવસ્થા તરીકે સમજે અને પ્રયોજે છે તે ...

(1) પદ્ધતિશાસ્ત્રીય સક્ષમતા છે (2) પ્રત્યાયનલક્ષી સક્ષમતા છે

(3) વ્યવસ્થિત સક્ષમતા છે (4) સામાજિક ભાષાશાસ્ત્રીય સક્ષમતા છે

- o 0 o -

SPACE FOR ROUGH WORK

**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકા અને જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.

2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ–**2** માં એક જ વર્તુળને બ્લેક/બ્લૂ બૉલ પોઈંટથી જ ભરવું. એકવાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.

3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારેલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.

4. પરીક્ષા પુસ્તિકા અને OMR ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને OMR ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.

5. પરીક્ષા પુસ્તિકા/OMR ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી–પત્રમાં લખવું.

6. OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.

7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.

8. મોબાઈલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે તેમની પરીક્ષા રદ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.

9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ–કાર્ડ દેખાડવું.

10. અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન મૂકવો નહિ.

11. કાર્યરત નિરીક્ષકને પોતાનો OMR ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી–પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેને OMR ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે. **પરીક્ષાર્થીએ પોતાના ડાબા હાથના અંગૂઠાનું નિશાન હાજરીપત્રકમાં આપેલ નિયત સ્થાન પર અચૂક કરવાનું રહેશે.**

12. ઈલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.

13. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.

14. OMR ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.

15. ***પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી હૉલ/કક્ષ છોડતા પહેલા OMR ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.***

## निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **नीले/काले बॉल पॉइन्ट पेन** से भरें। एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस OMR उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ। परीक्षार्थी अपना अनुक्रमांक OMR उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें।
4. परीक्षा पुस्तिका एवं OMR उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं OMR उत्तर पत्र के कोड या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी।
5. परीक्षा पुस्तिका/OMR उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका कोड व संख्या को परीक्षार्थी सही तरीके से उपस्थिति-पत्र में लिखें।
6. OMR उत्तर पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी। इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्विच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए। इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और परीक्षार्थी विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें।
11. कार्यरत निरीक्षक को अपना OMR उत्तर पत्र दिए बिना एवं उपस्थिति-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे। यदि किसी परीक्षार्थी ने दूसरी बार उपस्थिति-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने OMR उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा। **परीक्षार्थी अपने बाएँ हाथ के अंगूठे का निशान उपस्थिति-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ।**
12. इलेक्ट्रॉनिक/हस्तचालित परिकलक का उपयोग वर्जित है।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी परीक्षण संस्था के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं। अनुचित साधनों के सभी मामलों का फैसला परीक्षण संस्था के नियमों एवं विनियमों के अनुसार होगा।
14. किसी भी परिस्थिति में परीक्षा पुस्तिका और OMR उत्तर पत्र का कोई भाग अलग न करें।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल/कक्ष छोड़ने से पूर्व OMR उत्तर पत्र निरीक्षक को अवश्य सौंप दें।** ***परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं।***

## READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY :

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Blue / Black Ball Point Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the OMR Answer Sheet is not folded. Do not make any stray marks on the OMR Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the OMR Answer Sheet.
4. Handle the Test Booklet and OMR Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and OMR Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet/OMR Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the examination halls/rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against the candidate including cancellation of examination.
9. Each candidate must show on demand his/her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his/her seat.
11. The candidates should not leave the Examination Hall/Room without handing over their OMR Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the OMR Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic/Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Examining Body with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Examining Body.
14. No part of the Test Booklet and OMR Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the OMR Answer Sheet to the Invigilator in the Hall / Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***